# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

યુનિવર્સિટી કેમ્પસ,યુનિવર્સિટી રોડ,
રાજકોટ – ૩૬૦ ૦૦૫
Re-Accredited Grade A by NAAC


નં. એસ.સી.-એસ.ટી. સેલ/૬૮/૧૮

તા.૦૨/૧૧/૧૮

વિષય :- ભારત સરકારશ્રીની વર્ષ ૨૦૧૮-૧૯ની લઘુમતિ વિદ્યાર્થીઓ માટેની પ્રિ-મેટ્રિક, પોસ્ટ મેટ્રિક, મેરીટ-કમ-મીન્સ શિષ્યવૃત્તિમાં શાળા / કોલેજ / સંસ્થામાં પેડિંગ રહેલ તથા ફેઇક અરજીઓ ખોટી રીતે વેરીફાઇ થવા બાબત.

સંદર્ભ :- જિલ્લા નાયબ નિયામકશ્રી, વિકસતી જાતિની કચેરી, રાજકોટના પરિપત્ર ક્રમાંક નં. નં.ના.નિ./વિ.જા./૨૦૧૮-૧૯/૭૧૧૬ થી ૭૧૩૭ તા.૨૯/૧૦/૨૦૧૮.

પરિપત્ર :-

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન સર્વે કોલેજોના આચાર્યશ્રીઓ, યુનિવર્સિટી સ્થિત અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ તથા માન્ય સંસ્થાઓના વડાશ્રીઓને જણાવવામાં આવે છે કે, લઘુમતિ જાતિઓ માટેની વર્ષ:૨૦૧૮-૧૯ની ભારત સરકારની પ્રિ-મેટ્રિક, પોસ્ટ મેટ્રિક, મેરીટ-કમ-મીન્સ શિષ્યવૃત્તિ માટે નેશનલ સ્કોલરશીપ પોર્ટલ પર નકલી વિદ્યાર્થીઓ દ્વારા ઓનલાઇન અરજીઓ કરવામાં આવેલ છે. તેમજ આવી ખોટી અરજીઓ જે તે સંસ્થા દ્વારા તે વેરીફાઇ થયેલ માલુમ પડેલ છે. આવી અરજીઓની મેન્યુઅલી ચકાસણી કરી, આ સાથે સામેલ પરિપત્રમાં આપેલ વિગતો ઇ-મેઇલથી વડી કચેરીને સત્વરે મોકલી આપવાની રહે છે.

ઉપરાંતમાં રાજ્યકક્ષાના લોગીનમાં હાલ પણ વિવિધ યોજનાઓની અનેક અરજીઓ પેડિંગ રહેલ છે. તો આવી અરજીઓનો તા.૧૫/૧૧/૨૦૧૮ સુધીમાં નિકાલ કરવાનો રહેશે.

ઉપરોક્ત બંને બાબતો સંદર્ભે ઘટતી કાર્યવાહી કરવા અંગે સરકારશ્રી તરફથી અપાયેલ સૂચનાનું પાલન નિયત સમયમર્યાદામાં કરવા વિનંતી છે.

નાયબ કુલસચિવ

બિડાણ :
સંદર્ભિત પરિપત્રની નકલ

પ્રતિ,
(૧) યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ.
(૨) યુનિવર્સિટી સ્થિત અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ.
(૩) માન્ય સંસ્થાઓના વડાઓ

નકલ સાદર રવાના :
માન. કુલપતિશ્રી/ કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી

નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે :
(૧) જોડાણ વિભાગ
(૨) પી.જી. વિભાગ
(૩) આંકડા વિભાગ
(૪) યુ. જી. સી. વિભાગ
(૫) કોમ્પ્યુટર સેન્ટર

નં.ના.નિ./વિ.જા./૨૦૧૮-૧૯/7116 થી 7137

ખાસ જરૂરી

તાત્કાલીક

National Scholarship Portal


જિલ્લા નાયબ નિયામક,
વિકસતિ જાતિની કચેરી,
૬/૧, બહુમાળી ભવન,
રાજકોટ. તા:૨૯/૧૦/૨૦૧૮
ફોન: ૦૨૮૧-૨૪૪૭૩૬૨
E-Mail: dydir-ddcw-raj@gujarat.gov.in



SC-ST Cell
Inward No. ...236...
Date : ...02/11/18...
NOV 2018
Sau. Uni. Rajkot


**વિષય:-** ભારત સરકારશ્રીના વર્ષ:૨૦૧૮-૧૯ ની લઘુમતી વિદ્યાર્થીઓ માટેની પ્રિ-મેટ્રીક, પોસ્ટ-મેટ્રીક, મેટ્રીક, મેરીટ કમ મીન્સ શિષ્યવૃતીમાં શાળા/કોલેજ/સંસ્થામાં Pending રહેલ તથા Fake Application ખોટી રીતે Veryfy થવા બાબત.

**સંદર્ભ:-** નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના પત્ર ક્રમાંક/વિજાક/શિક્ષણ/૨૦૧૮-૧૯/૪૦૬૨-૪૦૯૪, તા:૨૬/૧૦/૨૦૧૮.


1 NOV 2018
ઈનવર્ડ નંબર 2912
વિભાગ


## પરિપત્ર:

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, ભારત સરકારશ્રી લઘુમતી વિદ્યાર્થીઓ માટેની પ્રિ-મેટ્રીક, પોસ્ટ-મેટ્રીક, મેરીટ કમ મીન્સ શિષ્યવૃતી માટે National Scholarship Portal માં ઉપરોક્ત ત્રણેય યોજનામાં ફ્રેશ અને રીન્યુઅલ વિદ્યાર્થીઓ માટે તા:૨૩/૦૭/૨૦૧૮ નાં રોજ ઓનલાઇન ફોર્મ ભરવાની કાર્યવાહી શરૂ થયેલ હતી.

વર્ષ:૨૦૧૮-૧૯ માટે National Scholarship Portal માં ઉપરોક્ત ત્રણેય યોજનામાં Fake વિદ્યાર્થી દ્વારા અરજીઓ ઓનલાઇન Submit થયેલ છે. તથા તેને સંલગ્ન શૈક્ષણિક સંસ્થા દ્વારા તે Institute Level પર Verify થયેલ માલુમ પડેલ છે, આવી Fake અરજીઓને શોધવા તથા તેના નિકાલ માટે દરેક સંસ્થા પાસેથી તેમની શૈક્ષણિક સંસ્થામાં ખોટા ભરાયેલ અરજી ફોર્મ, અને Institute Level પર શાળા/કોલેજ/સંસ્થાની જાણ બહાર Verify થયેલ Fake અરજીઓની વિગત મેળવી સત્વરે વડી કચેરીને જાણ કરવાની થાય છે. તો આવી અરજીઓની માહિતી Excel ફાઇલમાં Application Id, Institute Name જેવી બાબતો E-mail થી સત્વરે અત્રેની કચેરીને મોકલી આપવા વિનંતી. શાળા/કોલેજોએ આ પોર્ટલ ઉપર ઓનલાઈન વેરીફાઈ કરેલ અરજીઓની ફરિથી ચકાસણી(મેન્યુઅલી) કરવી પોતાની સંસ્થાના વિદ્યાર્થી ન હોય અને ઓનલાઈન વેરિફિકેશન આપેલ હોયતો એવા વિદ્યાર્થીઓની વિગતો એપ્લિકેશન આઈડી. અને ઈન્સ્ટીટ્યુટ નામ/નંબર સાથે એકસલશીટમાં માહિતી આ કચેરીને ઇ-મેઇલમાં આપવી.

રાજ્યકક્ષાના Login માં હજી પણ હાલની સ્થિતીએ પ્રિ-મેટ્રીક ફ્રેશ:<u>૧૮૮૩૩</u>, પ્રિ-મેટ્રીક રીન્યુઅલ:<u>૧૩૪૩૪</u>, પોસ્ટ-મેટ્રીક ફ્રેશ:<u>૧૧૦૬૯</u>, પોસ્ટ-મેટ્રીક રીન્યુઅલ:<u>૧૬૮૫</u>, મેરીટ કમ મીન્સ ફ્રેશ:<u>૧૯૧૩</u> અને મેરીટ કમ મીન્સ રીન્યુઅલ:<u>૩૮૦</u> અરજીઓ શાળા/કોલેજ/સંસ્થામાં Pending રહેલ છે. તો આવી અરજીઓનો <u>તા:૧૫/૧૧/૨૦૧૮</u> સુધીમાં હાર્ડનકલ મેળવી તમારી સંસ્થાના હોયતો ઓનલાઈન વેરીફાઈ કરવા અને ન હોયતો sent to applicant કરવાના રહેશે. એ રીતે યોગ્ય નિકાલ કરવા ઘટતી કાર્યવાહી કરવા અંગે સરકારશ્રી તરફથી સુચના આપવામાં આવેલ છે. જે વિદિત થવા વિનંતી.

જિલ્લા નાયબ નિયામક
વિકસતિ જાતિ, રાજકોટ

**પ્રતિ,**

(૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, રાજકોટ.
-(આપના માધ્યમથી રાજકોટ જિલ્લાની તમામ માધ્યમિક શાળા/ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જાણ કરવા તથા અમલ થવા વિનંતી)

(૨) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, રાજકોટ.
-(આપના તાબાની રાજકોટ જિલ્લાની તમામ પ્રાથમિક શાળાઓને જાણ કરવા અમલ થવા જરૂરી સુચના થવા વિનંતી)

(૩) શાસનાધિકારીશ્રી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, જેતપુર, ઉપલેટા, રાજકોટ.
-(આપના તાબાની રાજકોટ જિલ્લાની તમામ શાળાઓને જાણ કરવા તથા અમલ થવા જરૂરી સુચના અપાઇ જવા વિનંતી)

(૪) તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,(તમામ), રાજકોટ જિલ્લો.
-(આપના તાબાની રાજકોટ જિલ્લાની તમામ શાળા/કોલેજ/સંસ્થાઓને જાણ કરવા તથા અમલ થવા જરૂરી સુચના અપાઇ જવા વિનંતી)

**નકલ રવાના:-**

(૧) રજીસ્ટ્રારશ્રી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ. (આપના તાબાની તમામ કોલેજોને જાણ કરવા વિનંતી)
(૨) રજીસ્ટ્રારશ્રી, આર.કે. યુનિવર્સિટી, ત્રંબા, તા.જિ.રાજકોટ. (આપના તાબાની તમામ કોલેજોને જાણ કરવા વિનંતી)
(૩) રજીસ્ટ્રારશ્રી, મારવાડી યુનિવર્સિટી, મોરબી રોડ, રાજકોટ. (આપના તાબાની તમામ કોલેજોને જાણ કરવા વિનંતી)
(૪) રજીસ્ટ્રારશ્રી, આત્મીય યુનિવર્સિટી, કાલાવાડ રોડ, રાજકોટ. (આપના તાબાની તમામ કોલેજોને જાણ કરવા વિનંતી)

**નકલ સવિનય રવાના:-**

(૧) નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.